૧૬૫ - ૮૫૦

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/પ્રવાસીશિક્ષક/૨૦૧૬/ક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ડો. જી.મ.ભવન, બ્લોક નં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર તા. ૨/૪ /૨/૨૦૧૬

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિકશિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- શાશનાધિકારીશ્રી (તમામ)

વિષયઃ- તાસ દીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની સુચના
સંદર્ભઃ- ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૧૫ નો ઠરાવ

ઉપરોકત સંદર્ભના ઠરાવથી જિલ્લા પંચાયત અને નગર શિક્ષણ સમિતિ સંચાલિત અને અનુદાન લેતી પ્રાથમિક શાળાઓમા શિક્ષકોના અભાવે શિક્ષણ કાર્યની વિપરીત અસર થાય નહી તે ધ્યાને લઇ ગુજરાત સરકાર દ્વારા પ્રવાસી શિક્ષકની યોજના દાખલ કરવામાં આવી છે. તે માટેની કાર્ય પ્રણાલી અને માર્ગ દર્શક સુચનાઓ આ સાથે સામેલ મૂળ ઠરાવમા દર્શાવવામા આવેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. તે ઠરાવમા અમલ કરતી વખતે નીચે મુજબની કાળજી લેવા જણાવવામાં આવે છે.

(૧) તા.૩૧/૦૮/૨૦૧૫ ના રોજ મંજૂર કરેલ સેટઅપ કરતા પ્રવાસી શિક્ષકો મૂકતા શિક્ષકોની સંખ્યા વધવી જોઇએ નહી.

(૨) જિલ્લા પંચાયત સંચાલિત શાળાઓમા જયા હાલ એક શિક્ષક વાળી શાળા છે. ત્યા બીજો શિક્ષક મળવા પાત્ર હોયતો તેવા કિસ્સામા પ્રવાસી શિક્ષક માટે તેવી શાળાઓને પસંદગીમા પ્રાથમિકતા આપવાની રહેશે.

(૩) ઉચ્ચપ્રાથમિક શાળાઓમા ગણિત વિજ્ઞાનના શિક્ષકોને પ્રાથમિકતા આપવાની રહેશે.

(૪) જે શાળામાંથી કોઇ શિક્ષકની બદલી થયેલ છે. અને ૫૦ ટકા મહેકમ જળવાતુ ન હોવાથી છુટા કરેલ નથી, તેવી શાળામાં પ્રવાસી શિક્ષક મુકી તેવા શિક્ષકોને છુટા કરવાના રહેશે.

(૫) સ્થાનિક કક્ષાએ શાળાના મુખ્ય શિક્ષકે શાળાના એક સિનિયર શિક્ષક તથા શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સંયુકત રીતે પ્રવાસી શિક્ષક રાખવા માટે નિર્ણય કરવાનો રહેશે.

(૬) પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫ માં ધોરણ ૧૨ પાસને પણ પ્રવાસી શિક્ષક તરીકે રાખી શકશે.

(૭) પ્રવાસી શિક્ષકને કામ સોંપવા માટે કોઇ લેખીત હુકમ કરવાના રહેશે નહી.

(૮) પ્રવાસી શિક્ષકને વાઉચરથી મળવાપાત્ર મહેનતાણુ ચુકવવાનું રહેશે.

(૯) પ્રવાસી શિક્ષકને માત્ર શાળામાં બાળકોનું શૈક્ષણિક કાર્ય ચાલુ હોય તેટલા દિવસ પુરતા જ કામગીરી કરાવવાની રહેશે તથા તેટલા જ દિવસનું ચુકવણુ કરવાનુ રહેશે.

(૧૦) પ્રવાસી શિક્ષકને ચાલુ શૈક્ષણિક કામગીરીમાં કોઇ રજા કે છુટ આપી શકાશે નહી.

(૧૧) જે નિયમિત શિક્ષક/વર્ગ નું શૈક્ષણિક કાર્ય પ્રવાસી શિક્ષક સંભાળે છે. તે શિક્ષક/વર્ગ ની શૈક્ષણિક કામગીરી સિવાયની અન્ય તમામ કામગીરી મુખ્ય શિક્ષકે કરવાની રહેશે.

(૧૨) ધોરણ ૧ થી ૫ ની શાળામાં વિદ્યાર્થી સંખ્યા ધ્યાને રાખી ૬૦ સુધીની વિદ્યાર્થી સંખ્યા હોય તો વધુમાં વધુ એકજ પ્રવાસી શિક્ષક રાખવાનો રહેશે

(૧૩) અનુદાનિત પ્રાથમિક શાળાઓમા વર્ગ દીઠ શિક્ષકનો રેશિઓ નક્કી થયેલ હોઇ તેમા ખૂટતા શિક્ષક માટે જ પ્રવાસી શિક્ષકની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૪) આપના જિલ્લામાં આવેલી શાળાઓમા કઇ શાળામાં પ્રવાસી શિક્ષક મુકવાના થાય છે. તેની શાળા વિગત માટે અત્રેની કચેરીને તા.૮/૦૨/૨૦૧૬ સુધી મોકલી આપવાની રહેશે. જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની શાળા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ યાદી/વિગત રજૂ કરવાની રહેશે. યાદી રજૂ કરતી વખતે આ સાથે સામેલ નિયત નમૂના મુજબનું પ્રમાણપત્ર તથા ગ્રાન્ટ માંગણી પત્રક સબંધિત અધિકારીએ આપવાનું રહેશે.

(૧૫) સદર પ્રવાસી શિક્ષકો યોગ્ય કામ કરે છે કે કેમ? તેની ચકાસણી કરવા તથા બિનજરૂરી કામગીરી/ચૂકવણુ ન થાય તે માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી એ તેમની કક્ષાએથી ગોઠવવાનું રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૫-૧૬ ની બજેટ જોગવાઇમાથી કરવાનો હોવાથી રજૂ થયેલી યાદી સામે મંજૂર કરેલ પ્રવાસી શિક્ષકો માટે ખર્ચ કરવાનો રહેશે.

(૧૭) સંદર્ભ દર્શિત ઠરાવમા તાસ દીઠ મહેનતાણું નક્કી કરવામાં આવેલ છે. તે ધ્યાને રાખી જે તે જિલ્લામાં થનાર ખર્ચના ચોક્કસ અંદાજો તા.૮/૦૨/૨૦૧૬ના રોજ અત્રેની કચેરીમા શ્રી બી.એ.સિંઘલ, શ્રેયાન અધિક્ષક ને રજૂ કરવાના રહેશે, જેથી તે અંગેની ગ્રાન્ટ ફાળવણી કરી શકાય જે જિલ્લા / નગર શિક્ષણ સમિતિ / જિલ્લા શિક્ષણાધિકારી મારફત તા.૮/૦૨/૨૦૧૬ના રોજ યાદી તથા અંદાજો રજૂ કરવામા નહી આવે તો તેવા સંબંધીત વિસ્તારમા પ્રવાસી શિક્ષકની આવશયકતા નથી. તેમ માનવામા આવશે. ત્યારબાદ પાછળથી કોઇપણ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહી તેની ગંભીર નોધ લેવી તથા તેના કારણે જે પ્રશ્ન ઉપસ્થિત થશે અથવા રજૂઆત મળશે તો સંબંધીત અધિકારીની ફરજ પ્રત્યેની નિષ્ઠાનો અભાવ માની તેવો સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવા શિક્ષણ વિભાગને જાણ કરવાની ફરજ પડશે જેની નોધ લેશો.

(ડૉ.ભરત પંડિત)<br>
પ્રાથમિક શિક્ષણ નિયામક<br>
ગુ.રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના-

-અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર

-અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રી(રાજય કક્ષા)નું કાર્યાલય, ગાંધીનગર

-અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

## પ્રમાણપત્ર અને ગ્રાન્ટ માંગણી પત્રક

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની કુલ .......... નિમ્ન પ્રાથમિક શાળા અને............ ઉચ્ચ પ્રાથમિક શાળા પૈકી............નિમ્ન પ્રાથમિક શાળામાં ......... પ્રવાસી શિક્ષકો અને............ ઉચ્ચ પ્રાથમિક શાળામાં......... પ્રવાસી શિક્ષકો મળીને કુલ ......... પ્રવાસી શિક્ષકોની નિમણૂંક કરવા અત્રેથી કરેલી દરખાસ્તની મે જાતે ચકાસણી કરેલ છે. અને તે બરાબર છે. તા.૩૧/૮/૨૦૧૫ના મંજુર સેટઅપ કરતા શિક્ષકોની સંખ્યા વધતી નથી, તેની ખાત્રી કરેલ છે.

નામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી/જિલ્લા શિક્ષણાધિકારી

જિલ્લો

## ગ્રાન્ટ માંગણી પત્રક

૧. જિલ્લો

૨. જરૂરી પ્રવાસી શિક્ષકોની સંખ્યા અને તા.૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવ મુજબ અંદાજિત ખર્ચ (રૂ.લાખમાં)

| શાળાનો પ્રકાર | જરૂરી પ્રવાસી શિક્ષકોની સંખ્યા | સંભવિત ખર્ચ માહે ફેબ્રુ-૧૬ | સંભવિત ખર્ચ માહે માર્ચ-૧૬ | સંભવિત ખર્ચ માહે એપ્રિલ-૧૬ | એકંદર કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| નિમ્ન ધો.૧થી ૫ | | | | | |
| ઉચ્ચ ધો.૬ થી ૮ | | | | | |
| કુલ | | | | | |

નામ સહી

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી/જિલ્લા શિક્ષણાધિકારી

જિલ્લો